સમરસ છાત્રાલયમાં પ્રવેશના નિયમો અને
ટકાવારી નક્કી કરવા બાબત

# ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: સમછ/૧૦૨૦૧૯/૪૧૬/ક

સચિવાલય, ગાંધીનગર

તા.૨૮/૦૨/૨૦૨૦

**વંચાણમાં લીધા:**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૬/૦૭/૧૬નો ઠરાવ ક્રમાંક: સમછ-૧૦૧૬-૩૪૧૫૫૬-ગ

(૨) મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી અને નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૨૬/૦૯/૨૦૧૯નો પત્ર ક્રમાંક: સમરસ-પ્રવેશ બાબત-૧૯-૨૦-૭૦૭૯

**આ મુ ખ :**

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) સામેના વિભાગના તા.૨૬/૦૭/૧૬ના ઠરાવથી સમરસ છાત્રાલયમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ(OBC) તેમજ આર્થિક રીતે પછાત વર્ગ(EBC) જાતિઓના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે પ્રવેશના નિયમો અને પ્રવેશની ટકાવારી નક્કી કરવામાં આવેલ છે જે મુજબ જાતિવાર અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની અનામત જગ્યાઓ પૈકી ૩% વિકલાંગ વિદ્યાર્થીઓ માટે, ૨% વિધવાના બાળકો માટે, ૧% અનાથ વિદ્યાર્થીઓને અનામત આપવાનું ઠરાવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૨) સામેના મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી અને નિયામકશ્રી(અ.જા.ક.)ના તા.૨૬/૦૯/૧૯ના પત્રથી આર્થિક રીતે પછાત વર્ગની અનામત જગ્યાઓ પૈકી વિકલાંગ વિદ્યાર્થીઓ, વિધવાના બાળકો માટે અને અનાથ વિદ્યાર્થીઓ માટે અનામત આપવા દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠ રા વ :**

પુખ્ત વિચારણાને અંતે સમરસ છાત્રાલયમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની પ્રવેશ માટેની અનામત રાખેલ જગ્યા મુજબ આર્થિક

રીતે પછાત વર્ગ(EBC)ના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે નિયત થયેલ પ્રવેશ માટેની અનામત જગ્યા પૈકી ૩% વિકલાંગ વિદ્યાર્થીઓ માટે, ૨% વિધવાના બાળકો માટે અને ૧% અનાથ વિદ્યાર્થીઓને અનામત આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

વિભાગના તા.૨૬/૦૭/૧૬ના સરખા ક્રમાંકના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૧૭/૦૨/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ. જી. ભાભોર)
સંયુક્ત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી અને
  નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ,
  ડો.જીવરાજ મહેતા ભવન,
  ગાંધીનગર.

નકલ રવાના:

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ-૨૦૨૦